Phone : 0265-2356426 / 7069 0000 16
E-mail : rkmvmv1@gmail.com
Website : www.rkmvadodara.com

**Ramakrishna Mission**
**Vivekananda Memorial**
Opp. Circuit House, R. C. Dutt Road
Alkapuri, VADODARA - 390007

## સ્વામી વિવેકાનંદજીના ઐતિહાસિક શિકાગો પ્રવચનની ૧૨૫મી વર્ષગાંઠની ઉજવણી

અમને જણાવતાં આનંદ થાય છે કે ૧૧ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ સ્વામી વિવેકાનંદના ઐતિહાસિક શિકાગો પ્રવચનને ૧૨૫ વર્ષ પૂરા થાય છે. વિશ્વમાં તેમજ સમગ્ર ભારત વર્ષમાં મોટા પાયે આ પ્રસંગની ભવ્ય ઉજવણી થઇ રહી છે. આજની ઉગતી પેઢી સ્વામી વિવેકાનંદના જીવન અને સંદેશને પોતાના જીવનમાં ઝીલે અને જીરવે એવા ઉદાત્ત હેતુથી વડોદરા આશ્રમ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સપ્ટેમ્બર ૨૦૧૯ સુધી ચાલનારા આ કાર્યક્રમોમાં "Swami Vivekananda – at every Home" - "સ્વામી વિવેકાનંદ -ઘર-ઘરમાં" યોજના અંતર્ગત સ્વામી વિવેકાનંદના પુસ્તકોને પ્રત્યેક ઘરે પહોંચાડવાનું વિચાર્યું છે. યુવાનોમાં ચારિત્ર્ય ઘડતર, એકાગ્રતા અને રાષ્ટ્રભક્તિ જેવા મૂલ્યોનું સિંચન થાય અને તેમનો સર્વાંગી વિકાસ થાય તેવા આશયથી કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવામાં આવેલ છે. તા.૧૧-૧૨ સપ્ટેમ્બરના રોજ વડોદરા તથા આજુબાજુના વિસ્તારમાં ૧૨૫ પુસ્તક વેચાણ કેન્દ્રોના માધ્યમથી સ્વામી વિવેકાનંદના પુસ્તકોનું વેચાણ, તેમના જીવન-કાર્ય આધારિત પ્રદર્શન, વાર્તાલાપ જેવા કાર્યક્રમોનું આયોજન કરેલ છે. આ બે દિવસના વેચાણ દરમ્યાન ગુજરાતી પુસ્તકોમાં ૫૦% વળતર તેમજ અંગ્રેજીમાં ૨૫% વળતર આપવામાં આવશે.

આશ્રમના શુભેચ્છકો, સ્વયંસેવકો તથા અન્ય સૌને આ પ્રસંગે આ સેવાયજ્ઞમં જોડાવા આમંત્રણ છે. આપ આપના રહેઠાણના સ્થળે, આજુબાજુની સોસાયટીમાં, શાળા, કૉલેજ અને જાહેર જગ્યાઓએ (અગાઉથી પરવાનગી મેળવીને) પોતાના સમયે, સવારે અથવા સાંજે, બે ત્રણ કલાક માટે અથવા આખા દિવસ દરમ્યાન પુસ્તકોનું વેચાણ કરીને સ્વામીજીના વિચારો ઘર-ઘર સુધી લઇ જવાના કાર્યમાં આપનું યોગદાન આપવા નિમંત્રણ છે.

કાર્ય પધ્ધતિને સરળ બનાવવા ગુજરાતી પુસ્તકોના બે પ્રકારના સેટ બનાવ્યા છે.

(૧) રૂ. ૫000/- ની કિંમતના પુસ્તકોનો સેટ વળતર બાદ રૂ. ૨૫00/- માં મળશે.

(૨) રૂ. 3000/- ની કિંમતના પુસ્તકોનો સેટ વળતર બાદ રૂ. ૧૫00/- માં મળશે.

આપની જરૂરીયાત પ્રમાણે સેટ લઇને તા. ૧૧ તથા ૧૨ સપ્ટેમ્બરના પુસ્તક વેચાણનું વધુમાં વધુ આયોજન કરવા વિનંતી.

તા.૮ સપ્ટેમ્બર પહેલા આપના સેટ નોંધાવવા વિનંતી.

આપણે સૌ મળીને સ્વામીજીના રાષ્ટ્ર નિર્માણ ના સંદેશને ઘરે ઘરે પહોંચાડવાના કાર્યમાં પોતાનો સહયોગ આપીએ.

ભવદિય,

Swami Ishtmayanand

(સ્વામી ઇષ્ટમયાનંદ)
સચિવ
રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલ, વડોદરા

પ્રતિ
આચાર્યશ્રી (ભાઈ)
મ. વડોદરા
જાણ તથા અમલવારી અર્થે.
7/9/18
[illegible]